# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-08-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યાછો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

# CAA - HM + CM

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે નાગરિકતા સુધારા કાયદા – CAA અંતર્ગત આજે 188 હિન્દુઓને ભારતીય નાગરિકત્વ પ્રમાણપત્ર એનાયત કર્યા. અમદાવાદ ખાતે પંડિત દિનદયાળ હોલમાં જનગણના મંત્રાલય આયોજીત કાર્યક્રમમાં સંબોધતા શ્રી શાહે જણાવ્યું કે મારા પોતાના રાજ્યમાં 188 પરિવારો ભારાત માતાના પરિવારો બની ગયા છે. વધુમાં શ્રી શાહે જણાવ્યું કે CAA એ ન્યાય અને અધિકારનો કાયદો છે. આ પ્રસંગે તેમણે ધાર્મિક તૃષ્ટિકરણ મુદ્દે વાત કરતા કૉંગ્રેસ પક્ષ સામે પ્રહારો કર્યા હતા.

(બાઇટ – અમિત શાહ, કેન્દ્રીય ગૃહ મંત્રી)

તો આ પ્રસંગે ઉપસ્થિત રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પેટલે સીએએ કાયદાને લઈને કેન્દ્ર સરકારની પ્રશંસા કરતા જણાવ્યું કે સંસદમાં CAA ખરડો પસાર કરીને ભારતે વસુધૈવ કુટુંબકમની ભાવનાને સાબિત કરી છે. વધુમાં તેમણે ઉમેર્યું કે આ કાયદો ભારતના પડોશી દેશોમાં વસતા લઘુમતીઓ માટે આશીર્વાદ સમાન છે.

(બાઇટ – ભુપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

આ કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદમાં અંદાજે એકહજાર કરોડનાં વિવિધ વિકાસલક્ષી કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. સિંધુભવન રોડ પર જાહેર ખાનગી ભાગીદારીના ધોરણે બનાવેલા નવા ઑક્સિજન પાર્ક, મકરબા ખાતે બનાવેલા સ્વિમિંગ પૂલ અને 7 સ્માર્ટ શાળાઓ સહિતના વિકાસ કાર્યોનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. ઑક્સિજન પાર્ક શહેરના લોકોને શુદ્ધ હવા અને આરામદાયક પર્યાવરણ પૂરૂં પાડશે. ઉપરાંત શ્રી શાહે જણાવ્યું હતું કે, એક વૃક્ષમાં કે નામ ઝુંબેશમાં જોડાઈ દરેક નાગરિકે એક વૃક્ષ

વાવવું જોઈએ. તેમણે ચૂંટણી જીતાડવા બદલ અમદાવાદીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

-------------------------

## GANESH JAHERNAMU

અમદાવાદમાં ગણેશ મહોત્સવને લઈને પોલીસ કમિશનર તરફથી જાહેરનામું પ્રસિધ્ધ કરાયું છે. જેમાં જણાવ્યા અનુસાર ગણેશ મૂર્તિની સ્થાપના માટે પરમીટ સ્થાનિક પોલીસ સ્ટેશન તરફથી અપાશે. આ સિવાય સ્થાપનાની જગ્યાએ લાઉડ સ્પીકર વગાડવા માટેની પરમીટ પણ જે-તે પોલીસ સ્ટેશન તરફથી આપવામાં આવશે. જે દિવસે ગણેશ સ્થાપના માટેની પરમીટ મેળવવા માટેની સાથે જ અરજદારે ગણેશ વિસર્જન માટે શોભાયાત્રા માટેની અરજી પણ ફરજીયાત આપવાની રહેશે. ગણેશ વિસર્જન માટે શોભાયાત્રા અને સરઘસ કાઢવા માટેનો રૂટ જો એક જ ઝોન વિસ્તારમાં હોય તો જે પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગણેશ સ્થાપના થયેલ છે તે પોલીસ સ્ટેશનમાંથી વિસર્જન સરઘસ માટેની પરમીટ આપવામાં આવશે.

જો એક કરતા વધારે ઝોન વિસ્તારમાંથી પસાર થનાર હોય તો સરઘસ અંગેની પરમીટ પોલીસ કમિશનરની કચેરી, વિશેષ શાખા તરફથી આપવામાં આવશે. આયોજકો અરજીની સાથે જે તે વિસ્તારનાં વર્ચસ્વ ધરાવતી ૧૫ થી ૨૦ વ્યક્તિના નામ- સરનામાં આપવાના રહેશે. ઉપરાંત ગણેશ વિસર્જન કઈ તારીખે તથા કયા સ્થળે કરવામાં આવનાર છે તથા સરઘસના રૂટની વિગતો ફરજીયાતપણે આપવાની રહેશે.

-----------------

## CHANDAN TASKARI

મહીસાગરના લુણાવાડા ટાઉન પોલીસ દ્વારા ચંદન ભરીને લઇ જવાતી કારને ચાલક સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો..

લુણાવાડાથી ગોધરા તરફ જતા હાઇવે ઉપર શંકાસ્પદ કારને અટકાવીને પોલીસે તેની તપાસ કરતા તમાંથી ચંદનનો જથ્થો મળી આવ્યો છે. કારમાં નાના નાના ટુકડા કરી ચંદનની તસ્કરી કરનાર કાર ચાલકને ઝડપીને તેની પોલીસ દ્વારા સઘન પૂછપરછ હાથ ધરવામાં આવી છે..

લુણાવાડા ટાઉન પોલીસે ચંદનનો જથ્થો અને ચાલકને વન વિભાગને હવાલે કર્યો છે.. વન વિભાગે આ જથ્થો ક્યાં લઈ જવાતો હતો તેની વધુ તપાસ હાથ ધરી છે.

----------------

## Rakshabandhan

ભાઇ બહેનના સ્નેહ દર્શાવનારા રક્ષાબંધન પર્વની અલગ અલગ રીતે ઉજવણી થઈ રહી છે. જે અંતર્ગત નર્મદાની જિલ્લા જેલમાં આજે જનકલ્યાણ સેવા ટ્રસ્ટ અને નર્મદા જિલ્લા ભાજપ મહિલા મોરચાની બહેનો દ્વારા રક્ષાબંધન પર્વ ઉજવાયુ હતુ. બહેનોએ રાખડી બાંધી બંદીવાન

ભાઈઓને ગુનાહિત પ્રવૃત્તિઓથી દૂર રહી સારા નાગરિક બનવા શુભેચ્છા પાઠવી હતી.

જ્યારે પાટણ જિલ્લામાં પાટણ યુનિટની હોમગાર્ડઝ બહેનો દ્વારા પાટણ જિલ્લા હોમગાર્ડના અધિકારીઓ, સભ્યોને રાખડી બાંધી રક્ષાબંધનના પાવન પર્વ ની ઉજવણી કરવામાં આવી હતી.

મહીસાગર જીલ્લામાં પણ મહિલા પોલીસ કર્મચારીઓ દ્વારા સીનીયર સીટીઝન અને એકલવાયું જીવન જીવતા લોકોને રાખડી બાંધી મીઠાઈ ખવડાવી રક્ષાબંધનની ઉજવણી કરાઈ હતી

પંચમહાલના હાલોલની એક શાળામાં રાખી સ્પર્ધાનું પણ આયોજન કરીને રક્ષાબંધનની ઉજવણી અનોખી રીતે કરવામાં આવી હતી.. જેમાં 357 વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

..........................................

## GUJARAT FOOTBALL AWARD

ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશને તાજેતરમાં અલગ અલગ 11 શ્રેણીમાં એવોર્ડ એનાયત કર્યા હતા. જેમાં અમદાવાદ ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ એસોસિએશનને સૌથી વધુ ખેલાડીઓની નોંધણી બદલ એવોર્ડ ઇન્ટ્રા-ડિસ્ટ્રિક્ટ ટુર્નામેન્ટના આયોજન માટે બેસ્ટ ડિસ્ટ્રિક્ટનો એવોર્ડ રાજકોટને અને બેસ્ટ સપોર્ટિવ ડિસ્ટ્રિક્ટ એવોર્ડ ભરૂચને એનાયત કરાયો હતો. જ્યારે બેસ્ટ પરફોર્મિંગ એક્ટિવ ડિસ્ટ્રિક્ટનો એવોર્ડ ભાવનગરને, એ.આર.એ.

ફૂટબોલ ક્લબ અને બરોડા ફૂટબોલ એકેડમીને બેસ્ટ પરફોર્મિંગ ફૂટબોલ ક્લબ્સ તરીકે સંયુક્ત વિજેતા ઘોષિત કરાયા હતા.

વ્યક્તિગત કેટેગરીમાં ગામની દીકરીઓને ફૂટબોલ પ્રત્યે પ્રોત્સાહિત કરવા બદલ પાટણના મહાદેવપુરા ગામના રંગતજી ઠાકોરને સ્પેશિયલ એવોર્ડ અપાયો હતો. ફૂટબોલ રેફરી ઓફ ધયર એવોર્ડ મહિલા શ્રેણીમાં રચના કામાણી અને પુરુષ શ્રેણીમાં આકાશ મહેતાને કોચ ઓફધ યર એવોર્ડ મહિલા શ્રેણીમાં કલ્પના દાસ અને પુરુષ શ્રેણીમાં ગોપાલ કાગને ફાળે ગયો  છે. ઈમર્જીંગ પ્લેયર ઓફ ધ યર એવોર્ડથી ખુશ્બુ સરોજ અને હર્ષલ દાવડાને સન્માનિત કરાયા હતા. જ્યારે બેસ્ટ પ્લેયર ઓફ ધ યરનો એવોર્ડ મહિલા શ્રેણીમાં શિલ્પા ઠાકોર અને પુરુષ શ્રેણીમાં બ્રિજેશ યાદવને અપાયો હતો. વિશાલ વાજાને બેસ્ટ બીચ સોકર એન્ડ ફૂટસલ રેફરી ઓફ ધ યરથી સન્માનિત કરાયા હતા.

----------------